# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-07-2025** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **રાજ્યમાં નવા ચૂંટાયેલા સરપંચો અને સભ્યોનો આજે ગાંધીનગરમાં અભિવાદન સમારોહ યોજાશે.**
2. **અમદાવાદ હવાઈ મથક પરથી સાડા છ કિલો કેફી પદાર્થ સાથે એક મહિલા મુસાફરની ધરપકડ.**
3. **રાજ્યમાં સૌપ્રથમ અમલમાં મૂકાયેલી 'રિન્ગ ફેન્સિંગ ડિજિટલ વૉલેટ ટ્રાન્સફર' પહેલના પ્રથમ તબક્કામાં 674 બહેનોને સહાય ચૂકવાઈ.**
4. **રાજ્યના 193 તાલુકામાં વરસાદ, આજે બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ સહિત 11 જિલ્લામાં ભારે વરસાદની આગાહી.**
5. **રાજ્યનાં દિવ્યાંગ ખેલાડી ભાવિના પટેલે I.T.T.F.માં સુવર્ણ ચંદ્રક જીત્યો.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# GANDHINAGAR SARPANCH ABHIVADAN

રાજ્યના નવા ચૂંટાયેલા સરપંચો અને સભ્યોનો આજે ગાંધીનગરમાં અભિવાદન સમારોહ યોજાશે. મહાત્મા મંદિર ખાતે યોજાનારા કાર્યક્રમમાં નવા ચૂંટાયેલા ચાર હજાર 876 સરપંચ તેમજ મહિલા સમરસ ગ્રામ પંચાયતોના સભ્યો સામેલ થશે.

તાજેતરમાં રાજ્યમાં યોજાયેલી ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં ભાવનગર જિલ્લામાં સૌથી વધુ 103 ગ્રામ પંચાયત સમરસ થઈ છે. જ્યારે રાજ્યમાં કુલ 56 મહિલા સમરસ ગ્રામ પંચાયત જાહેર થઈ છે. સાંભળીએ એક અહેવાલ.

**(V/C- MAYUR SOLANKI)**

*ગાંધીનગરમાં યોજાનારા અભિવાદન સમારોહમાં નવા ચૂંટાયેલા 4 હજાર 876 સરપંચ તેમજ મહિલા સમરસ ગ્રામ પંચાયતના 600 સભ્યો જોડાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ 761 સમરસ ગ્રામ પંચાયતોને 35 કરોડ રૂપિયાથી વધુની સહાયની ફાળવણી કરશે. દરમિયાન, કાર્યક્રમમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ પણ સંબોધન કરશે. આ કાર્યક્રમમાં વિવિધ 9 થીમ દીઠ પ્રથમ ક્રમાંક ધરાવતી ગ્રામ પંચાયતોના સરપંચોને પ્રમાણપત્રનું વિતરણ કરાશે. આ સિવાય યોજનાકીય સહાયની પણ જાહેરાત કરાશે.*

*મયુર સોલંકી આકાશવાણી સમાચાર અમદાવાદ*

# DRI AMDAVAD

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતર-રાષ્ટ્રીય હવાઈ મથક પરથી એક મહિલા મુસાફર પાસેથી સાડા છ કિલો કેફી પદાર્થ મળી આવ્યો. ડિરેક્ટોરેટ ઑફ રેવન્યૂ ઇન્ટેલિજેન્સ D.R.I.ને મળેલી માહિતીના આધારે થાઈલેન્ડના બેન્કોકથી

આવેલી ઉડાનમાં આવેલી મહિલા મુસાફરની ધરપકડ કરી તેને અદાલતમાં રજૂ કરવામાં આવી.

અન્ય એક કેસમાં બીજી ફ્લાઈટમાં આવેલા મુસાફર પાસેથી અમદાવાદ કસ્ટમ વિભાગે 15 મોંઘા મોબાઈલ, ડિજિટલ ઘડિયાળ સહિત 24 લાખ રૂપિયાની કિંમતની વસ્તુઓ કબજે કરી છે.

# AMC LABORATORY

અમદાવાદ મહાનગરપાલિકા પોતાની જ નવી પ્રયોગશાળા બનાવશે. તેમાં મહાનગરપાલિકા દ્વારા તૈયાર કરાતા રસ્તાઓમાં ઉપયોગમાં લેવાતી સામગ્રીની ગુણવત્તાની ચકાસણી કરાશે. પીપળજમાં બે કરોડ 74 લાખ રૂપિયાના ખર્ચે તૈયાર થનારી પ્રયોગશાળામાં ડામરની ગુણવત્તા સહિતના વિવિધ પ્રકારના પરીક્ષણ થઈ શકશે. મહાનગરપાલિકાની સ્થાયી સમિતિએ પ્રયોગશાળા માટે નવા સાધનોની ખરીદીને મંજૂરી આપી હોવાનું સ્થાયી સમિતિના અધ્યક્ષ દેવાંગ દાણીએ જણાવ્યું.

**(BYTE- DEVANG DANI, CHAIRMAN, AMC STANDING COMMITTEE)**

પ્રયોગશાળામાં ચકાસણી માટેના તમામ 65થી વધુ સામાન ખરીદવામાં આવશે, જેમાં સામગ્રી અને સમગ્ર ટ્રકનું વજન સહિતની બાબતો માપવાનું ઇલેક્ટ્રીક મંચ તૈયાર કરાશે. ઉપરાંત જે સ્થળે માર્ગ બની રહ્યો છે. તેની જમીનનો સોઈલ ટેસ્ટ પણ કરાશે.

# WALLET TRANFER

રાજ્ય સરકાર દ્વારા સૌપ્રથમ વખત 'રિન્ગ ફૅન્સિંગ ડિજિટલ વૉલેટ ટ્રાન્સફર' પહેલ અમલમાં મૂકવામાં આવી છે. આ વિશેષ ડિજિટલ વ્યવસ્થા હેઠળ લાભાર્થી બહેનોનાં વ્યક્તિગત ડિજિટલ વૉલેટમાં સીધી સહાય જમા થશે. આ પહેલના પ્રથમ તબક્કામાં 674 બહેનોને ડિજિટલ વૉલેટ મારફતે સીધી આજીવિકા સહાય મળી છે.

આ વર્ષના અંત સુધીમાં અંદાજે 28 હજાર લાભાર્થીઓને 'રિંગ ફેન્સિંગ ડિજિટલ વૉલેટ ટ્રાન્સફર' પહેલ દ્વારા લાભ અપાશે. મહિલાઓને આર્થિક સક્ષમતા પૂરી પાડવાના હેતુ સાથે રાજ્ય સરકારે આ મહત્વાકાંક્ષી પહેલ અમલમાં મૂકી છે. તે અંતર્ગત નિર્ધારિત 13 મહત્વાકાંક્ષી તાલુકા અને બે મહત્વાકાંક્ષી જિલ્લામાં અંત્યોદય અન્ન યોજના- A.A.Y. કાર્ડ ધરાવતા પરિવારમાંથી 50 હજાર બહેનોને આત્મનિર્ભર બનાવવા સહાય મળશે.

રાજ્ય સરકારની જી-સફલ એટલે કે, ગુજરાત સ્કીમ ફૉર અંત્યોદય ફેમિલિઝ ફૉર ઑગમેન્ટિંગ લાઈવલિહૂડ્સ યોજનાની આ પહેલ રાજ્યની સૌથી પછાત પરિવારોની બહેનોને આર્થિક સશક્તિકરણ તરફ લઈ જવામાં અસરકારક સાબિત થશે એમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

# WEATHER FORECAST

હવામાન વિભાગે આગામી સાત દિવસ રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. આજે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, અમરેલી, ભાવનગર, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગરહવેલીમાં ભારે વરસાદની સંભાવના

છે. દરમિયાન સાત જુલાઈ સુધી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ હોવાનું હવામાન ખાતાના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું.

બીજી તરફ, રાજ્યમાં ગઈકાલે સવારે છ વાગ્યાથી રાત્રે આઠ વાગ્યા સુધીમાં 193 તાલુકામાં વરસાદ નોંધાયો. સૌથી વધુ છ ઈંચ વરસાદ સાબરકાંઠાના ઈડરમાં થયો હોવાના અહેવાલ છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો સરેરાશ 37 ટકા વરસાદ ખાબક્યો છે. દરમિયાન 21 બંધ હાઈ અલર્ટ, 14 બંધ અલર્ટ અને 18 બંધ ચેતવણી પર હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

# RAJKOT TRAIN

રેલવે મંત્રાલયે એક યાદીમાં જણાવ્યું કે, ટૅક્નિકલ કારણોસર આજે વાંકાનેર અને મોરબી વચ્ચે ચાલતી ત્રણ ડેમુ ટ્રેન રદ રહેશે. આજે સાંજે સાત વાગ્યાની વાંકાનેર-મોરબી ડેમુ, આઠ વાગ્યાની મોરબી-વાંકાનેર ડેમુ અને રાત્રે સાડા નવ વાગ્યાની વાંકાનેર-મોરબી ડેમુ રદ રહેશે.

# TRAIN CANCEL

અમદાવાદ-નાગપુર પ્રેરણા ઍક્સપ્રેસ આગામી 21 ઑગસ્ટ સુધી અજની સ્ટેશન પર શૉર્ટ ટર્મિનેટ રહેશે. તેમજ અજની-નાગપુર વચ્ચે આ ટ્રેન આંશિક રીતે રદ રહેશે. આ જ રીતે આવતીકાલથી 24 ઑગસ્ટ સુધી નાગપુર- અમદાવાદ પ્રેરણા ઍક્સપ્રેસ અજની સ્ટેશનથી ઉપડશે અને નાગપુર-અજની વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

મધ્ય રેલવેના નાગપુર સ્ટેશન પર આધુનિકીકરણના કામને લઈ 52 દિવસના પ્રસ્તાવિદ બ્લૉકના કારણે રેલવે મંત્રાલયે આ નિર્ણય કર્યો હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

# BRTS

અમદાવાદ શહેરમાં **BRTS** બસ મુસાફરી માટે **65** વર્ષથી વધુ વયના નાગરિકો માટે નિઃશુલ્ક પાસની સુવિધા કરવામાં આવી છે. આ સાથે જ દિવ્યાંગ લોકોને નિઃશુલ્ક મુસાફરીનો પાસ કાઢી અપાશે. અગાઉ તેમને **40** ટકા છૂટ અપાતી હતી. આ પાસ મેળવવા શિવરંજની પાસે આવેલા ઝાંસીની રાણી અને સોનીની ચાલી એમ બે **BRTS** મથક પર આ સુવિધા શરૂ કરવામાં આવી છે.

# BHAVINA PATEL GOLD

રાજ્યનાં દિવ્યાંગ ટેબલ ટેનિસ ખેલાડી ભાવિના પટેલે આંતર-રાષ્ટ્રીય ટેબલ ટેનિસ મહામંડળ- **I.T.T.F.**માં સુવર્ણ ચંદ્રક જીતીને રાજ્ય સહિત દેશનું નામ રોશન કર્યું છે. સોશિયલ મીડિયા પર એક સંદેશમાં આ ખેલાડીએ જણાવ્યું કે, તેમણે તાઈપેમાં યોજાયેલી **I.T.T.F** વર્લ્ડ પેરા ચેલેન્જર કાઓ-હ્સુંગ 2025માં મહિલા સિંગલ્સ ક્લાસમાં દક્ષિણ કૉરિયાના મૂન સુંઘયેને ચાર-પાંચથી હરાવી સુવર્ણ ચંદ્રક જીત્યો છે. ખેલાડી ભાવિના પટેલે પાંચ વખતનાં પેરાલિમ્પિક ચંદ્રક વિજેતા દક્ષિણ કૉરિયાનાં ખેલાડીને હરાવી આ સિદ્ધિ હાંસલ કરી છે.

ભાવિના પટેલે આ ચંદ્રકને તેમના પરિવાર, મિત્રો, ચાહકો તરફથી પ્રાપ્ત થયેલા સમર્થનનો પૂરાવો ગણાવ્યો. તેમણે પોતાના કોચ, ટીમ સહિત તમામ લોકોનો આભાર પણ વ્યક્ત કર્યો.

# PORBANDAR KHARIDI

પોરબંદરમાં માર્કેટિંગ યાર્ડ **APMC** ખાતે ટેકાના ભાવે મગની ખરીદી શરૂ થઈ છે. પોરબંદર અને કુતિયાણા તાલુકાના ખેડૂતોએ વાવેલા મગના સારા ભાવ મળતા હોવાથી ખેડૂતોમાં આનંદની લાગણી જોવા મળી છે. આ અંગે **APMC**ના મેંનેજર હમીરભાઈએ વધુ માહિતી આપી.

**(BYTE- HAMIR BHAI, MANAGER, PORBANDAR APMC)**

# KHEDA VRUKSHAROPAN

ખેડા જિલ્લામાં ઉત્તરસંડા હાઈવે ચોકડીથી જોળ ગામ સુધીના નવ કિલોમીટરના માર્ગની બંને તરફ બે હજાર 222થી વધુ વૃક્ષ વાવવામાં આવશે. 'મારુ વડતાલ હરિયાળું વડતાલ'ના સંકલ્પ સાથે નડીઆદ તાલુકામાં આ વૃક્ષારોપણ કરાશે.

ધારાસભ્ય પંકજ દેસાઈએ “એક પેડ માં કે નામ” અભિયાન અંતર્ગત આ વૃક્ષારોપણનો પ્રારંભ કરાવ્યો. વડતાલ રેલવે ફાટક પાસે યોજાયેલા કાર્યક્રમમાં અમદાવાદ વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવનારા પૂર્વ મુખ્યમંત્રી સ્વર્ગીય વિજય રૂપાણી સહિત તમામ મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી.

--------------------------------------------------------------------------------